* णमोऽत्थु णं तस्स समणस्स भगवओ महावीरस्स *

તે શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર હો.

# દીર્ઘતપસ્વી મહાવીર

[ સંક્ષિપ્ત મહાવીરજીવનરેખાચિત્ર ]


લેખક :

પંડિત સુખલાલજી

અનુવાદક :

શાન્તિલાલ વનમાળી શેઠ



ઇ. સં. ૧૯૩૪ મહાવીરજયન્તી કિં. ત્રણ આના



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રકાશક :
શાન્તિલાલ વનમાળી શેઠ

પ્રથમાવૃત્તિ
પ્રત ૨૫૦૦

મુદ્રક :
મૂળચંદભાઇ ત્રિકમલાલ પટેલ
મુદ્રણસ્થાનઃ : 'સૂર્યપ્રકાશ પ્રેસ'
પાનકોરનાકા : : અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નિવેદન

મહાવીરજયન્તીના આ શુભ દિવસે ભગવાન મહાવીરનું સંક્ષિપ્ત અને પ્રામાણિક આ જીવનચરિત 'દીર્ઘતપસ્વી મહાવીર'ના નામે જનસમાજ સમક્ષ મૂકવામાં આવે છે.

ભગવાન મહાવીરનાં જીવનચરિતો જે થોડાંક પ્રકાશિત થયાં છે તે પ્રકાશનોમાં જનસાધારણની સર્વગ્રાહ્યતા માટે હોવાં જોઇતાં પ્રામાણિકતા અને સંક્ષિપ્તતા એ બન્ને આવશ્યક તત્ત્વોના અભાવ વિશેષતઃ જોવામાં આવે છે. આ અભાવની પૂર્તિ પ્રસ્તુત પુસ્તક દ્વારા થોડીઘણી અવશ્ય થશે એ વિશ્વાસ સાથે ભગવાન મહાવીરનાં જીવનચરિતોમાં આ એક જીવનચરિતનો પણ ઉમેરો કરવામાં આવે છે.

પૂ૦ પંડિતશ્રીએ દોરેલાં ભગવાન મહાવીરના સમગ્ર જીવનના સંક્ષિપ્ત અને પ્રામાણિક રેખાચિત્રથી પુસ્તકની સંક્ષિપ્તતા અને પ્રામાણિકતાનો ખ્યાલ વાચકને આવ્યા વિના નહિ જ રહે.

ભગવાન મહાવીરના આ સંક્ષિપ્ત રેખાચિત્રને વિશેષ સ્પષ્ટ કરવા માટે ઐતિહાસિક દૃષ્ટિએ લખેલાં ટિપ્પણો તૈયાર હોવા છતાં કેટલાંક કારણસર આ સાથે છપાવ્યાં નથી. પણ તે યથાસમયે પ્રસિદ્ધ થઇ જશે.

પૂ. પંડિતશ્રીએ અનુવાદ જોઇને આમુખ લખી આપી મને ઉપકૃત કર્યો છે તે બદલ તેમનો તથા ભાઇ દલસુખભાઈ તથા ખુશાલભાઇએ પ્રસ્તુત પુસ્તક તૈયાર કરવામાં જે સક્રિય સહકાર આપ્યો છે તે બદલ તેમનો આભાર માનવાની આ તક લઉં છું.

શ્રી. નેમચંદભાઇએ તેમના સ્વર્ગીય મિત્ર શ્રી. તલકચંદભાઇના સ્મરણ ચિહ્નરૂપે આ પુસ્તકને પ્રકાશિત કરવામાં મને જે સહકાર આપ્યો છે તે બદલ તેમના આભારની નોંધ લેતાં અત્યાનંદ થાય છે.

વિદ્યાભવન
શાન્તિનિકેતન
તા. ૨૮-૩-૩૪

નિવેદક
**શાન્તિલાલ વનમાળી શેઠ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આમુખ

મેં લગભગ આઠ વર્ષ પહેલાં પ્રસ્તુત લેખ લખેલો. એક 'માલવમયૂર' નામનું માળવાથી પત્ર હિન્દીમાં નીકળતું. તેના તંત્રી વિદ્વાન અને રાષ્ટ્રભક્ત શ્રી હરિભાઉ ઉપાધ્યાયે મને કહેલું કે હિન્દુસ્થાનના મહાન્ પુરુષોના જીવનો સંક્ષેપમાં આપવા ઇચ્છું છું તેથી તમે મહાવીર વિષે લખી આપો. મેં એ સાર્વજનિક પત્રમાં દીર્ઘતપસ્વીનું જીવન તદ્દન સંક્ષેપમાં ત્રણ દૃષ્ટિથી હિન્દી ભાષામાં લખેલું:—

(૧) ઐતિહાસિક દૃષ્ટિએ મહાવીર કેવા પુરૂષ છે એ જૈનેતર લોકોના ધ્યાનમાં પણ આવે. એ દૃષ્ટિ મુખ્ય હતી.

(૨) એવી કોઇપણ હકીકત ન આવે કે જે કૃત્રિમ અતિશયોક્તિ-વાળી અથવા પાછળથી દાખલ થએલી હોય એ બીજી દૃષ્ટિ. અને

(૩) ત્રીજી દૃષ્ટિ એ હતી કે સંક્ષિપ્તજીવન એવી રીતે આલેખવું કે જેના ઉપર ભવિષ્યત્‌માં વધારે વિસ્તૃત લખવાને અવકાશ રહે અને બધા વિસ્તૃત જીવનના મુદ્દાઓ સંક્ષેપમાં ગોઠવાઇ જાય.

તે વખત સુધીમા જે કાંઇ વાંચ્યું અને વિચાર્યું હતું તેને આધારે ઉપરની ત્રણ દૃષ્ટિએ તદ્દન ટૂંકુ રેખાચિત્ર મેં દોર્યું. એ લેખ 'માલવ-મયૂર'માં પ્રસિદ્ધ થયા પછી આગ્રા "શ્વેતામ્બર જૈન"ના તંત્રીએ એને પ્રસિદ્ધ કર્યો અને કદાચ વધારે નકલો પણ કાઢી. જૈનયુગના તંત્રી શ્રી દેસાઇજીએ હિન્દી ભાષા કાયમ રાખી ગૂજરાતી બીબામાં પ્રસિદ્ધ કર્યો. ત્યારબાદ કલકત્તાથી પ્રસિદ્ધ થએલ ઓસવાલ નવયુવકના મહાવીરાંકમાં પણ એ લેખ છેવટે પ્રસિદ્ધ થયો.

મને પોતાને ખબર નથી કે જૈન કે જૈનેતર વાંચકોના હૃદયમાં આ લેખે શું સ્થાન પ્રાપ્ત કર્યું ? પણ લખતી વખતે અને હજી પણ મારો વિશ્વાસ છે કે એ લેખમાંની દરેક હકીકત બને તેટલી કાળજી, ચોકસાઇ અને તટસ્થતાથી સંગ્રહી હતી.

મૂળ લેખ પછીના બીજા સંસ્કરણો કદિ તપાસ્યાં નથી. હવે આ ફરી પ્રસંગ આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાઇ શાન્તિલાલે એનો ગૂજરાતી અનુવાદ કરી મને મોકલ્યો. હું સાંભળી ગયો. મને હજી પણ એ લેખમાં કાંઇ ફેરવવા જેવું દેખાતું નથી તેથી વિસ્તારને અવકાશ છતાં મૂળ લેખ છાપવાની મેં તેમને સમ્માત આપી છે. આથી વધારે હું અત્યારે એ દીર્ઘતપસ્વીની પૂજા કરી નથી શકતો. જો કે મને સ્પષ્ટ દેખાય છે કે ભગવાનની પૂજા ખરી રીતે કરવી હોય તો તે કેમ કરી શકાય ? હું મારામાં રહેલી ત્રુટીઓ અને નબળતાઓ પહેલાં કરતાં વધારે જોઉં છું. જેમ જેમ વિશેષ વાંચું અને વિચારું છું તેમ તેમ એક બાજુ આત્મસૌન્દર્યના ભાનથી ઉન્મત્ત થાઉં છું અને બીજી બાજુ પોતાની નબળાઇએ મોટામાં મોટી દેખાતી હોવાથી વેદના અનુભવું છું.

ભગવાનના જીવન વિષે લખવું તો શું લખવું ? કઇ રીતે લખવું ? એ મેં ઘણા વર્ષો થયાં વિચાર્યું છે અને સવિશેષ અત્યારે પણ વિચારું છું. જૈન જૈનેતર બધાની ભગવાનના જીવન વિષયની માંગણી એક સરખી ચાલુ છે.

માત્ર શ્રદ્ધા કે માત્ર તર્કથી જીવન લખ્યું હોય તો તે જેમ વાસ્તવિક ન લખાય તેમ વિદ્વાનોને ગ્રાહ્ય પણ ન થાય. અલંકારો અને કૃતિમતાઓ દુર કરવા જતાં મૂળ કલેવરના ચર્મ ઉદર જરાપણ ક્ષત ન થાય એ દૃષ્ટિ સતત રહે છે. અલબત્ત એ માટે શાસ્ત્રજ્ઞાન પર્યાપ્ત નથી. જીવનશોધન પણ જોઇએ છતાં વધારેમાં વધારે વિશાળ અને ઉંડાણ સર્વદેશીય અભ્યાસની પણ અપેક્ષા રહે છે.

છેલ્લે છેલ્લે એ દૃષ્ટિથી અને જિજ્ઞાસા ખાતર બૌદ્ધ તેમજ બ્રાહ્મણશાસ્ત્રો વિશેષ જોવાનું બન્યું પણ હજી વિસ્તૃત જીવન લખવાનો ભાર માથે લઇ શકતો નથી. ઉંમર, સ્વાસ્થ્ય અને વર્તમાન કાર્યભાર એ એવા એક જીવન લખવાની ઇચ્છાને પૂર્ણ થવા દેશે કે નહિ એ ખબર નથી. તેથી આ ટૂકું જીવન ફરી ગૂજરાતીમાં પ્રગટ થતું જોઇ કાંઇક સંતોષ પકડું છું. અને ઇચ્છું છું કે હવે વિશેષ અભ્યાસીઓ ભગવાનનું શુદ્ધબુદ્ધિથી સર્વગ્રાહી જીવન લખવા પ્રેરાય.

હિન્દુ યુનિવર્સીટી, બનારસ
તા. ૫–૧–૩૪

સુખલાલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## મહાવીર મહિમા

### વીર સ્તુતિ

कहं च नाणं कह दंसणं से
सीलं कहं नायसुयस्स आसी ।
जाणासि णं भिक्खु जहातहेणं
जहा सुयं बूहि जहा निसन्तं ॥

હે ! ભિક્ષુ ! એ જ્ઞાતૃસુત-મહાવીરનાં જ્ઞાન દર્શન અને શીલ કેવાં છે તે તમે બરાબર જાણો છો, તો તે ગુણો યથાશ્રુત યથાદૃષ્ટ મને કહો.

खेयन्नए से कुसले महेसी
अणन्तनाणी य अणंतदंसी ।
जसंसिणो चक्खुपहे ठियस्स
जाणहि धम्मं च धिइं च पेहि ॥

નિપુણ, કુશળ, અને મહર્ષિ એવા મહાવીર અનન્ત જ્ઞાની અને અનન્ત દર્શની છે. આપણી સામે રહેલા એ યશસ્વી મહાવીરના ધર્મ અને ધૈર્યને જાણો અને વિચારો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सुदंसणस्सेव जसो गिरिस्स
पवुच्चइ महओ पव्वयस्स ।
एओवमे समणे नायपुत्ते
जाईजसोदंसणनाणसीले ॥

બધા પર્વતોમાં મોટો પર્વત સુદર્શન મેરુનો જેવો મહિમા છે તેવો મહિમા શ્રમણ જ્ઞાતૃપુત્રમહાવીરનો જાતિ, યશ, જ્ઞાન, દર્શન અને શીલ પરત્વે છે.

हत्थीसु एरावणमाहु नाए
सीहो मिगाणं सलिलाण गंगा ।
पक्खीसु वा गरुळे वेणुदेवे
निव्वाणवादीणिह नायपुत्ते ॥

હાથીઓમાં જેમ ઐરાવત, મૃગ-પશુઓમાં જેમ સિંહ નદીઓમાં જેમ ગંગા, પક્ષીઓમાં જેમ વેણુદેવ-અપર નામ ગરુડ પ્રખ્યાત છે તેમ નિર્વાણવાદીઓમાં જ્ઞાતૃપુત્ર-મહાવીર પ્રખ્યાત છે.

दाणाण सेट्ठं अभयप्पयाणं
सच्चेसु वा अणवज्जं वयन्ति ।
तवेसु वा उत्तमं बंभचेरं
लोगुत्तमे समणे नायपुत्ते ॥

દાનોમાં જેમ અભયદાન, સત્યોમાં જેમ અનવદ્ય વચન, તપોમાં જેમ બ્રહ્મચર્ય-તપ શ્રેષ્ઠ છે તેમ જ્ઞાતૃપુત્ર-શ્રમણ ભગવાન મહાવીર લોકોમાં ઉત્તમ-સર્વ શ્રેષ્ઠ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## જય શ્રી મહાવીર

### વીર વંદન

जयइ जगजीवजोणिवियाणओ जगगुरू जगाणंदो
जगणाहो जगबंधू जयइ जगप्पियामहो भगवं ।
जयइ सुयाणं पभवो तित्थयराणं अपच्छिमो जयइ
जयइ गुरू लोयाणं जयइ महप्पा महावीरो ॥
भद्दं सव्वजगुज्जोयगस्स भद्दं जिणस्स वीरस्स ।
भद्दं सुरासुरनमंसियस्स भद्दं धूयरयस्स ॥

જાણે જે જગજીવઉદ્ભવ સ્થળો, જે છે જનોનો ગુરું,
વિશ્વાનંદ જગેશ બંધુ સઉનો, જે છે પિતા સર્વનો;
શાસ્ત્રોના રચનાર અંતિમ બધા તીર્થંકરોમાં પ્રભુ,
એવા વીર સુધીરમાનસ સદા, વિશ્વે વિજેતા રહો.

જેણે પ્રકાશિત કીધું સઘળું જ વિશ્વ,
દેવો અને નર બધા પ્રણમેલ જેને;
કર્મો તણો મળ અનંત સમગ્ર ધોયો,
એવા જિનેશ શરણાં શિવકાજ હોજો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા


નિવેદન ... ... ... ... પૃષ્ઠ... ૩
આમુખ ... ... ... ... „ ૫
મહાવીરમહિમા ... ... ... ... „ ૭
જયશ્રીમહાવીર ... ... ... ... „ ૯


## દીર્ઘતપસ્વી મહાવીર


પ્રાસ્તાવિક

[૧] બાળજીવન: (૧) ધાર્મિક પરિસ્થિતિ; (૨) સામાજીક પરિસ્થિતિ; (૩) રાજનૈતિક પરિસ્થિતિ; (૪) વીરજન્મ; (૫) જન્મભૂમિ; (૬) નામકરણ; (૭) જાતિ અને વંશ; (૮) કૌટુમ્બિક સંબંધ ... ... ... ... પૃષ્ઠ ૧—૫

[૨] ગૃહજીવન: (૧) વૈરાગ્યવૃત્તિ; (૨) કુળધર્મનું પાલન; (૩) ધાર્મિકજીવન (૪) બહુમાન અને ઔદાર્ય; (૫) માતાપિતાનો સ્પર્ગવાસ; (૬) ગૃહત્યાગની પૂર્વ તૈયારી. ... ... પૃષ્ઠ ૬—૭


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[૩] **સાધકજીવન:** (૧) મહાભિનિષ્ક્રમણ; (૨) ચારિત્ર અંગીકાર; (૩) ભીષણપ્રતિજ્ઞા; (૪) મહાવીરપદ; (૫) જીવનસાધના; (૬) આધ્યાત્મિક ધર્મશોધ; (૭) તપશ્ચરણ; (૮) સંયમ અને તપ; (૯) તપઃપ્રભાવ; (૧૦) ગોશાળાનું સાહચર્ય; (૧૧) સાધનાસિદ્ધિ. ... ... ...

પૃષ્ઠ ૮–૧૩

[૪] **ઉપદેશકજીવન:** (૧) ધર્મચક્રપ્રવર્તન; (૨) જાતિવિરોધ અને ગુણપૂજાની મહત્તા; (૩) સ્ત્રીસ્વાતન્ત્ર્ય; (૪) લોકભાષામાં ધર્મોપદેશ; (૫) અહિંસાધર્મ; (૬) ભોગના સ્થાને યોગ. ... ... ... ...

પૃષ્ઠ ૧૪–૧૫

[૫] **ઉત્તરકાળ:** (૧) શિષ્યસમુદાય; (૨) સમકાલીન ધર્માચાર્યો; (૩) (૩) પાર્શ્વતીર્થમાં પરિવર્તન; (૪) સમ્મેલન; (૫) સમ્પ્રદાયો; (૬) જીવનરહસ્ય; (૭) વિપક્ષીઓ; (૮) વિહાર; (૯) ઉપદેશપ્રભાવ; (૧૦) નિર્વાણ; (૧૧) વીરસંઘના ઉત્તરાધિકારી. ... ... ...

પૃષ્ઠ ૧૬–૨૧

શિક્ષાપદો ... ... ... ... પૃષ્ઠ ૨૨–૨૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# દીર્ઘતપસ્વી મહાવીર

[ સંક્ષિપ્ત મહાવીરજીવનરેખાચિત્ર ]

## પ્રાસ્તાવિક

વર્તમાન સમયનું ધ્યાન અહિંસા, સંયમ અને તપના સિદ્ધાંન્તોની ઉપયોગિતા તરફ જવા લાગ્યું છે, ત્યારે એ સિદ્ધાન્તોની અસાધારણ પ્રતિષ્ઠા કરનાર શ્રમણનાયક મહાવીરનું સંક્ષિપ્ત જીવનચરિત, તેમના આ જયન્તીના અવસરે આપવું વિશેષ ઉપયોગી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૧)

## બાલ્યજીવન

આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં, જ્યારે ભગવાન મહાવીરનો જન્મ થયો ન હતો, ત્યારે ભારતની ધાર્મિક, સામાજિક અને રાજનતિક પરિસ્થિતિ એવી હતી કે જે એક વિશિષ્ટ આદર્શની અપેક્ષા રાખતી હતી.

### (૧) ધાર્મિક પરિસ્થિતિ

તે વખતે એવા અનેક મઠો હતા કે જ્યાં આજકાલના ખાખીબાવાઓની જેવા ઝુંડના ઝુંડ તાપસો રહેતા હતા અને ત્યાં અનેક પ્રકારની તામસિક તપસ્યાઓ કરતા હતા.

તે વખતે, એવા અનેક આશ્રમો હતા કે જ્યાં દુનિયાદાર માણસોની જેમ મમત્વ રાખીને, આજકાલના મંદિરોના મહન્તો જેવા મોટા મોટા અનેક ધર્મગુરુઓ રહેતા હતા.

તે વખતે, એવી કેટલીએ સંસ્થાઓ હતી કે જ્યાં વિદ્યાની અપેક્ષા કર્મકાણ્ડની અને તેમાં ખાસ કરીને યજ્ઞ-યાગની પ્રધાનતા હતી અને એ કર્મકાણ્ડોમાં પશુઓનું બલિદાન દેવું એ ધર્મ માનવામાં આવતો હતો.

### (૨) સામાજિક પરિસ્થિતિ

તે વખતે, સમાજમાં એક એવો મોટો વર્ગ હતો કે જે પૂર્વજોના પરિશ્રમપૂર્વક ઉપાર્જિત કરેલા ગુરુપથને, પોતાના જન્મસિદ્ધ અધિકારના રૂપમાં સ્થાપિત કરતો હતો. આ વર્ગમાં પવિત્રતાની, ઉચ્ચતાની અને વિદ્યાની એવી કૃત્રિમ અસ્મિતા રૂઢ થઇ ગઈ હતી કે જેને લીધે તે વર્ગ, બીજા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેટલાય લોકોને અપવિત્ર માની પોતાથી નીચ અને ઘૃણાને યોગ્ય સમજતો એટલું જ નહિ પણ તે લોકોની છાયાના સ્પર્શને પણ પાપ માનતો તથા ગ્રન્થોના અર્થહીન પઠનમાં જ પાણ્ડિત્ય માની બીજાઓ ઉપર પોતાની ગુરુસત્તા ચલાવતો હતો.

તે વખતે, શાસ્ત્રો અને તેની વ્યાખ્યાઓ વિદ્વદ્‌ગમ્ય ભાષામાં થતી હતી જેથી જન સાધારણ લોકો તે વખતે એ શાસ્ત્રોનો યથેષ્ટ લાભ લઈ શકતા ન હતા.

તે વખતે, સ્ત્રીઓ, શૂદ્રો અને તેમાં ખાસ કરીને અતિશૂદ્રોને કોઈ પણ વાતમાં આગળ વધવાની સારી તક મળતી નહિ તેમજ તેમની આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષાઓને જાગૃત થવાનું કે જાગૃત થયા બાદ તેમને પુષ્ટ કરવાનું કોઈ ખાસ અવલંબન ન હતું.

તે વખતે પહેલાંથી પ્રચલિત નિર્ગ્રન્થ ( જૈન ) ગુરુઓની પરમ્પરામાં પણ ખૂબ શિથિલતા આવી ગઈ હતી.

( ૩ ) રાજનૈતિક પરિસ્થિતિ

તે વખતે, રાજનૈતિક સ્થિતિમાં પણ કોઈ ખાસ પ્રકારની એકતા ન હતી. ગણસત્તાક અથવા રાજસત્તાક રાજ્યો અસ્તવ્યસ્ત અવસ્થામાં હતાં. આ રાજ્યો કલહમાં જેટલો અનુરાગ ધરાવતાં હતાં તેટલો અનુરાગ પરસ્પર મિલનમાં નહિ. પ્રત્યેક રાજ્યો એક બીજાને કચડી નાંખી પોતાના રાજ્યનો વિસ્તાર કરવાના પ્રયત્નો કરતાં હતાં.

ધર્મની, સમાજની અને રાષ્ટ્રની આવી પરિસ્થિતિ દેખીને તે વખતના કેટલાક વિચારશીલ અને દયાળુ વ્યક્તિઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાકુલ થાય એ સ્વાભાવિક છે. આવી શોચનીય દશાને સુધારવાની ઇચ્છા કેટલાક સાધારણ લોકોને પણ થાય અને તેઓ સુધારવાનો પ્રયત્ન પણ કરે છતાં તેમને માર્ગસૂચન કરવા માટે કોઈ અસાધારણ પ્રયત્ન કરનાર નેતાની અપેક્ષા રહે છે.

(૪) વીરજન્મ

આવી અવસ્થામાં બુદ્ધ અને મહાવીર જેવા આદર્શ નેતાઓનો જન્મ થાય છે. મહાવીરનો જન્મ ચૈત્ર શુકલા ત્રયોદશીને દિવસે થયો હતો.

(૫) જન્મભૂમિ

મહાવીરનું જન્મસ્થાન, ગંગાથી દક્ષિણે આવેલું વિદેહ (વર્તમાન બિહાર પ્રાન્તમાં પટણાથી ૨૭ માઈલ ઉત્તરે આવેલું બસાર નામનું ગામ) છે. ત્યાં ક્ષત્રિયકુણ્ડ અથવા કુણ્ડપુર નામના બે કસ્બાઓ હતા. આ કસ્બાના ધ્વંસાવશેષો લકખીસરાય જંકશનથી કેટલાંક માઈલો ઉપર અત્યારે પણ જોવામાં આવે છે. જૈન લોકો તેને મહાવીરની જન્મભૂમિ તરીકે તીર્થભૂમિ માને છે.

(૬) નામકરણ

મહાવીરનાં વર્ધમાન, વિદેહદિન્ન અને શ્રમણ ભગવાન એ ત્રણ બીજાં નામો પણ છે. વર્ધમાન નામ તો માતા-પિતાનું કરેલું નામકરણ છે. વિદેહદિન્ન નામ માતૃપક્ષનું સૂચક છે. ત્યાગી જીવનમાં ઉત્કટ તપસ્યા કરવાને લીધે 'મહાવીર' નામથી પ્રસિદ્ધ થયા અને ઉપદેશક જીવનમાં શ્રમણ ભગવાન થયા. આપણે પણ મહાવીરના ગૃહજીવન, સાધકજીવન અને ઉપદેશકજીવન એ ત્રણ ભાગોમાં ક્રમશઃ વર્ધમાન, મહાવીર અને શ્રમણ ભગવાન એ ત્રણ નામોનો પ્રયોગ કરીશું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૭) જાતિ અને વંશ

મહાવીરની જાતિ ક્ષત્રિય હતી. અને તેમનો વંશ નાય–જ્ઞાતૃ નામથી પ્રસિદ્ધ હતો.

(૮) કૌટુમ્બિક સંબંધ

મહાવીરના પિતામહ, પ્રપિતામહ વગેરેનું કાંઈ વર્ણન મળતું નથી, કેવળ તેમના પિતા અને કાકાનાં નામો મળે છે.

પિતાનું નામ સિદ્ધાર્થ હતું. તે સિજ્જંસ–શ્રેયાંસ્ કે જસંસ–યશાંસ્‌ના નામે પણ ઓળખાતા હતા. કાકાનું નામ સુપાર્શ્વ હતું અને માતાનાં ત્રિશલા, વિદેહદિન્ના તથા પ્રિય-કારિણી એ ત્રણ નામો મળે છે.

એમને એક મોટાભાઈ અને એક મોટી બહેન હતાં. મોટાભાઈ નન્દિવર્ધનનો વિવાહ તેમના મામા વૈશાલીના પ્રધાન અધિપતિ ચેટકની પુત્રી જ્યેષ્ઠા સાથે થયો હતો. મોટી બહેન સુદર્શનાનું લગ્ન ક્ષત્રિયકુણ્ડમાં જ થયું હતું. અને તેને જમાલિ નામનો એક પુત્ર થયો હતો. મહા-વીરની પ્રિયદર્શના નામની પુત્રી સાથે જમાલિ કુમારનો વિવાહ થયો હતો અને તેણે આગળ જતાં પોતાની પત્ની પ્રિયદર્શનાની સાથે મહાવીર પાસે દીક્ષા પણ લીધી હતી. શ્વેતામ્બરોની માન્યતાનુસાર મહાવીરે વિવાહ કર્યો હતો. તેમને એક જ પત્ની હતી અને તેનું નામ યશોદા હતું. તેમને કેવળ એક જ કન્યા થયાનો ઉલ્લેખ મળે છે.

જ્ઞાતૃક્ષત્રિય સિદ્ધાર્થની રાજકીય સત્તા સાધારણ જ હશે. પરન્તુ તેમનાં વૈભવ અને કુલીનતા ઊંચા પ્રકારનાં હોવાં જોઈએ, કારણ કે તે વિના વૈશાલીના પ્રધાન અધિપતિ ચેટકની બહેનની સાથે વૈવાહિક સંબંધ થવો સંભવિત ન હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ( ૨ )
## ગૃહજીવન

### ( ૧ ) વૈરાગ્યવૃત્તિ

વર્ધમાનનો બાલ્યકાળ ક્રીડાઓમાં વ્યતીત થાય છે પણ જ્યારે તે યુવાવસ્થામાં પ્રવેશ કરે છે અને વિવાહકાળને પ્રાપ્ત થાય છે ત્યારે તે વૈવાહિક જીવનની તરફ અરુચિ પ્રકટ કરે છે. આ ઉપરથી તેમજ તેમના ભાવિ તીવ્ર વૈરાગ્યમય જીવનથી, એ સ્પષ્ટ જણાઇ આવે છે કે તેમનાં હૃદયમાં ત્યાગનાં બીજો જન્મસિદ્ધ હતાં.

### ( ૨ ) કુળધર્મનું પાલન

મહાવીરનાં માતાપિતા પાર્શ્વનાથની શિષ્યપરમ્પરાના અનુયાયી હતા. આ પરમ્પરા નિર્ગ્રન્થના નામથી પ્રસિદ્ધ હતી અને સાધારણતઃ આ પરમ્પરામાં ત્યાગ અને તપની ભાવના પ્રબલ હતી.

વર્ધમાનનું પોતાના આ કુળધર્મના પરિચયમાં આવવું અને એ ધર્મના આદર્શો તરફ પોતાના સુસંસ્કૃત મનને આકર્ષિત કરવું એ સર્વથા સંભવિત છે.

### ( ૩ ) ધાર્મિકજીવન

એક બાજુ જન્મસિદ્ધ વૈરાગ્યનાં બીજ અને બીજી બાજુ કુળધર્મના ત્યાગ અને તપસ્યાના આદર્શોનો પ્રભાવ. આ બન્ને કારણોને લીધે યોગ્ય અવસ્થાને પ્રાપ્ત થતાં જ વર્ધમાને પોતાના જીવનનું ધ્યેય તો થોડું ઘણું નિશ્ચિત કરી લીધું હશે. અને તે જીવનનું ધ્યેય પણ કયું ? ધાર્મિકજીવન.

### ( ૪ ) બહુમાન અને ઔદાર્ય

આ ધાર્મિક જીવન ગાળવાના નિશ્ચયને લીધે જો તેમની વિવાહની તરફ અરુચિ પેદા થઈ હોય તો તે સ્વાભાવિક છે. તેમ છતાં જ્યારે માતાપિતા વિવાહ માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અત્યાગ્રહ કરે છે ત્યારે વર્દ્ધમાન પોતાનો નિશ્ચય શિથિલ કરી નાંખે છે અને કેવલ માતાપિતાના ચિત્તને સંતોષ આપવા માટે વૈવાહિકસંબંધનો સ્વીકાર કરી લે છે.

આ ઘટનાથી, તેમજ મોટાભાઇને પ્રસન્ન રાખવા માટે ગૃહવાસને વધારવાની ઘટનાથી વર્દ્ધમાનના સ્વભાવના બે તત્ત્વો સ્પષ્ટપણે જણાઈ આવે છેઃ–

(૧) વૃદ્ધ તેમજ વડિલો પ્રત્યેનું બહુમાન અને

(૨) સમયને ઓળખીને મૂળસિદ્ધાન્તોમાં ખલેલ ન પહોંચાડતાં સમજુતી કરી લેવાનું ઔદાર્ય.

આ બન્ને સ્વાભાવિક તત્ત્વોમાં બીજું તત્ત્વ તેમના સાધકજીવન તેમજ ઉપદેશકજીવનમાં કેવું કામ કરે છે તે આપણે આગળ જોઇ શકીશું.

(૫) માતાપિતાનો સ્વર્ગવાસ

જ્યારે માતાપિતાનો સ્વર્ગવાસ થયો ત્યારે વર્ધમાનની ઉંમર ૨૮ વર્ષની હતી. વિવાહના સમયની અવસ્થાનો ઉલ્લેખ મળતો નથી.

(૬) ગૃહત્યાગની પૂર્વ તૈયારી

માતાપિતાના સ્વર્ગવાસ થયા બાદ વર્દ્ધમાને ગૃહત્યાગની પૂરેપૂરી તૈયારી કરી લીધી, પરંતુ તેથી મોટાભાઈનું મન દુભાતું જોઈ તેમણે ગૃહજીવનને બે વર્ષ આગળ વધાર્યું, પણ તે એટલા માટે કે ત્યાગનો નિશ્ચય તો કાયમ જ રહે. ગૃહવાસી હોવા છતાં પણ તેમણે બે વર્ષ સુધી ત્યાગીઓના જેવું ત્યાગમય જીવન વ્યતીત કર્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૩ )

## સાધકજીવન

(૧) મહાભિનિષ્ક્રમણ

ત્રીશ વર્ષનો તરુણ ક્ષત્રિયપુત્ર વર્ધમાન જ્યારે ગૃહ-ત્યાગ કરે છે ત્યારે તેનું આન્તર અને બાહ્ય બન્ને જીવન એકદમ બદલી જાય છે. તે સુકુમાર રાજપુત્ર પોતાના હાથે કેશલુંચન કરે છે અને તમામ વૈભવોને છોડી, એકાકી જીવન અને લઘુતા સ્વીકારે છે.

(૨) ચારિત્ર-અંગીકાર

તેની સાથે જ યાવજ્જીવન સામાયિક ચારિત્ર ( આજી-વન સમભાવપૂર્વક રહેવાનો નિયમ ) અંગીકાર કરે છે અને આ નિયમનું સંપૂર્ણ પાલન કરવા માટે એક ભીષણ પ્રતિજ્ઞા કરે છે કેઃ—

(૩) ભીષણ પ્રતિજ્ઞા

" ભલે દૈવિક, માનુષિક અથવા તિર્યક્જાતીય કોઈપણ પ્રકારની વિઘ્નબાધાઓ ઉપસ્થિત થાય તોપણ હું તે બધી વિઘ્નબાધાઓને, બીજા કોઈની મદદ લીધા વિના સમભાવ-પૂર્વક સહન કરીશ. "

(૪) મહાવીરપદ

આ પ્રતિજ્ઞાથી કુમારના વીરત્વનો અને તે પ્રતિજ્ઞાના પરિપૂર્ણ પાલનથી તેમના મહાન્ વીરત્વનો પરિચય મળે છે. આ જ કારણને લીધે તે સાધકજીવનમાં 'મહાવીર'ની ખ્યાતિ પ્રાપ્ત કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૫) જીવન સાધના–અહિંસા

મહાવીરની સાધના વિષેના શ્રી આચારાંગ સૂત્રના પ્રાચીન અને પ્રામાણિક વર્ણનથી, તેમના જીવનની ભિન્નભિન્ન ઘટનાઓથી અને અત્યારસુધી તેમના નામથી પ્રચલિત સમ્પ્રદાયની વિશેષતાથી, એ જાણવું અઘરું નથી કે મહાવીરને કયા તત્ત્વની સાધના કરવી હતી અને એ સાધનાની સિદ્ધિ માટે તેમણે મુખ્ય કયાં સાધનો સ્વીકાર્યાં હતાં.

મહાવીર, અહિંસાતત્ત્વની સાધના કરવા ચાહતા હતા. આ અહિંસાતત્ત્વની સાધના માટે તેમણે સંયમ અને તપ એ બે સાધનો સ્વીકાર્યાં હતાં.

(૬) આધ્યાત્મિક ધર્મશોધ

તેમણે વિચાર્યું કે સંસારમાં જે બળવાન હોય છે તે નિર્બળનાં સુખસાધનો એક લૂંટારાની માફક છીનવી લે છે. આ અપહરણ કરવાની વૃત્તિ, પોતાનાં માનેલાં સુખરાગથી અને તેમાં ખાસ કરીને કાયિક સુખશીલતાથી પેદા થાય છે. આ અપહરણવૃત્તિ જ એવી છે કે જેથી શાન્તિ અને સમભાવનું વાયુમણ્ડલ કલુષિત થયા વિના રહેતું નથી.

પ્રત્યેક વ્યકિતને પોતાનાં સુખ અને સગવડો એટલાં બધાં અમૂલ્ય લાગે છે કે તેની નજરમાં બીજાં અનેક જીવધારીઓની સુખસગવડોની કાંઈ કીંમત જણાતી નથી. અને તેથી જ પ્રત્યેક વ્યકિત એ વાત સાબીત કરવાની કોશીષ કરે છે કે, 'जीवो जीवस्य जीवनम्'–જીવ જીવનું ભક્ષણ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિર્બળે બળવાનનું પોષણ કરી પોતાની ઉપયોગિતા સિદ્ધ કરવી જોઈએ. બળવાન લોકો સુખરાગના કારણે જ નિર્બળ પ્રાણીઓના જીવનની આહુતિ આપી, તેની દ્વારા પોતાનો પરલોકનો ઉત્કૃષ્ટ માર્ગ તૈયાર કરવાનો પ્રયત્ન કરે છે.

આ પ્રમાણે સુખની મિથ્યાભાવના અને સંકુચિતવૃત્તિને લીધે વ્યકિત અને સમષ્ટિમાં અન્તર પડે છે અને શત્રુતાનો જન્મ થાય છે કે જેના ફલસ્વરૂપ નિર્બળ બળવાન થઈને બદલો લેવાનો નિશ્ચય તથા પ્રયત્ન કરે છે અને બદલો પણ યથાસમયે લે છે.

આ કારણને લીધે હિંસા અને પ્રતિહિંસાનું એવું મલિન વાયુમણ્ડલ પેદા થઈ જાય છે કે લોકો સંસારરૂપ સ્વર્ગને પોતે જ નરક બનાવી દે છે.

હિંસાના આ ભયાનક સ્વરૂપના વિચારથી મહાવીરે અહિંસાના તત્ત્વમાં જ સમસ્ત ધર્મોનું, સમસ્ત કર્તવ્યોનું અને પ્રાણીમાત્રની શાન્તિનું મૂળ દેખ્યું. તેમને સ્પષ્ટ જણાવવા લાગ્યું કે જો અહિંસાતત્ત્વને સિદ્ધ કરવામાં આવે તો જ જગતમાં ખરેખરી શાન્તિ ફેલાવી શકાય.

**( ૭ ) તપશ્ચરણ**

આ પ્રમાણે અહિંસાતત્ત્વના આન્તર અને બાહ્ય સ્વરૂપનો વિચાર કરી મહાવીરે કાયિક સુખની મમતાથી પેદા થતા વૈરભાવને રોકવા માટે તપ પ્રારંભ કર્યું અને અધૈર્ય જેવા માનસિક દોષોથી પેદા થતી હિંસાને રોકવા માટે સંયમનું અવલંબન લીધું.

તપનો મુખ્ય સંબંધ દેહદમનની સાથે હોવાથી તેમના તપને ચાર મુખ્ય વિભાગોમાં વિભાજિત કરી શકાય:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) નગ્નત્વ

(૨) જીવજન્તુ તથા અનાર્યોદ્વારા થતો પરિસહ(વિઘ્નબાધા).

(૩) ઉપવાસ અને રૂક્ષભોજન

(૪) શરીરસત્કારનો ત્યાગ

સંયમનો સંબંધ મુખ્યત: મન અને વચનની સાથે હોવાથી તેમાં ધ્યાન અને મૌનનો પણ સમાવેશ થાય છે.

**( ૮ ) સંયમ અને તપ**

મહાવીરના સમસ્ત સાધકજીવનમાં સંયમ અને તપ એ બે જ તત્ત્વો મુખ્ય રહ્યાં છે અને એ બન્ને તત્ત્વોને સિદ્ધ કરવા માટે તેમણે બાર વર્ષો સુધી જે પ્રયત્ન કર્યો અને તેમાં જેવો તત્પરતા અને અપ્રમાદનો પરિચય આપ્યો તેવો આજસુધીના તપસ્યાના ઈતિહાસમાં કોઇ વ્યક્તિએ આપ્યો હોય એમ જણાતું નથી.

કેટલાક લોકો મહાવીરના તપને દેહદુ:ખ અને દેહ-દમન કહી તેની અવગણના કરે છે, પરંતુ જો તેઓ સત્ય અને ન્યાયની ખાતર પણ મહાવીરના જીવનનો ઊંડો અભ્યાસ કરશે તો તેમને એ જણાવ્યા વિના નહિ રહે કે મહાવીરનું તપ શુષ્ક દેહદમન ન હતું.

મહાવીર તો સંયમ અને તપ ઉપર સમાન ભાર આપતા હતા. તેઓ સારી રીતે જાણતા હતા કે:-

જો તપના અભાવે સહનશીલતા ઓછી થઈ તો બીજાની સુખસગવડોની આહુતિ આપી પોતાની સગવડતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વધારવાની લાલસા વધશે અને તેનું ફળ એ આવશે કે સંયમ ટકી નહિ શકે.

આજ પ્રમાણે સંયમના અભાવે કેવળ તપ પણ, પરાધીન પ્રાણી ઉપર અનિચ્છાપૂર્વક આવી પડેલા દેહકષ્ટની જેમ નિરર્થક છે.

( ૯ ) તપઃપ્રભાવ

મહાવીર જેમ જેમ સંયમ અને તપની ઉત્કટતાને લીધે અહિંસાતત્ત્વની નજદીક પહોંચતા ગયા તેમ તેમ તેમની ગંભીર શાન્તિ વધવા લાગી અને તેનો પ્રભાવ આસપાસના લોકો ઉપર સ્વભાવતઃ પડવા લાગ્યો. માનસ-શાસ્ત્રના નિયમાનુસાર એક વ્યક્તિની અંદર પ્રબળ થતી વૃત્તિનો પ્રભાવ આસપાસના લોકો ઉપર જાણેઅજાણે પડયા વગર રહેતો નથી.

( ૧૦ ) ગોશાળાનું સાહચર્ય

મહાવીરના આ સાધકજીવનમાં એક ઉલ્લેખનીય ઐતિહાસિક ઘટના ઘટે છે, તે એ કે મહાવીરની સાધનાની સાથે ગોશાલક નામનો એક વ્યકિત આશરે છ વર્ષ સુધી વ્યતીત કરે છે અને પછી તે તેમનાથી જુદો પડી જાય છે. આ ગોશાલક આગળ જતાં મહાવીરનો પ્રતિપક્ષી થાય છે અને આજીવકમતનો નાયક બને છે. અત્યારે એ કહેવું કઠણ છે કે આ બન્ને કયા કારણે સાથે થયા અને શા માટે જુદા પડયા! પણ એક પ્રસિદ્ધ આજીવક સમ્પ્રદાયના નાયક અને બીજા દીર્ઘતપસ્વી મહાવીરનું છ વર્ષ જેટલા લાંબા સમયનું સાહચર્ય સત્યશોધકો માટે અર્થસૂચક તો અવશ્ય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૧૧ ) સાધનાસિદ્ધિ

આશરે ૧૨–૧૩ વર્ષની કઠોર દીર્ઘસાધના કર્યા બાદ જ્યારે મહાવીરને પોતાના અહિંસાતત્ત્વની સિદ્ધિ થયાની પૂર્ણ પ્રતીતિ થઈ ત્યારે તે પોતાનો જીવનક્રમ બદલે છે.

અહિંસાનો સાર્વભૌમ ધર્મ તે દીર્ઘતપસ્વી મહાવીરમાં એટલો બધો પરિપ્લુત થઈ ગયો હતો કે હવે તેમના સાર્વજનિક જીવનથી કેટલાય ભવ્ય આત્માઓના જીવનમાં પરિવર્તન થઈ જવાની પૂર્ણ સંભાવના હતી.

( ૧૨ ) દીર્ઘતપસ્વી મહાવીર

આ બાજુ, મગધ અને વિદેહનું પૂર્વકાલીન મલિન વાયુમણ્ડલ પણ ધીરેધીરે શુદ્ધ થવા લાગ્યું હતું, કારણકે તે વખતે ત્યાં પણ અનેક તપસ્વીઓ અને વિચારકો લોકહિત કરવાની આકાંક્ષાએ પ્રકાશમાં આવવા લાગ્યા હતા. આજ સમયે દીર્ઘતપસ્વી મહાવીર પણ પ્રકાશમાં આવ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ( ૪ )

## ઉપદેશકજીવન

### ( ૧ ) ધર્મચક્રપ્રવર્તન

શ્રમણ ભગવાન મહાવીરનું ૪૩ થી ૭૨ વર્ષ સુધીનું આ દીર્ઘ ઉપદેશકજીવન ધર્મચક્રપ્રવર્તન અને સાર્વજનિક સેવામાં વ્યતીત થાય છે. આ ઉપદેશકજીવનમાં તેમના કરેલાં મુખ્ય કામોની નામાવલિ આ પ્રમાણે છેઃ—

### ( ૨ ) જાતિવિરોધ અને ગુણપૂજાની મહત્તા

(૧) જાતિપાંતિનો જરા પણ ભેદ રાખ્યા વિના પ્રત્યેકને માટે–શૂદ્રો તેમજ અતિશૂદ્રોને માટે પણ–ભિક્ષુપદ અને ગુરુપદનો રસ્તો ખુલ્લો કરવો.

શ્રેષ્ઠતાનો આધાર જન્મ નહિ પણ ગુણ ગણવો. અને ગુણોમાં પણ પવિત્ર જીવનની મહત્તા સ્થાપિત કરવી.

### ( ૩ ) સ્ત્રીસ્વાતન્ત્ર્ય

( ૨ ) પુરૂષોની માફક સ્ત્રીઓના વિકાસ માટે પણ સંપૂર્ણ સ્વતન્ત્રતા અને વિદ્યા તથા આચાર એ બન્નેમાં સ્ત્રીઓની પણ યોગ્યતા માનવી.

સ્ત્રીઓને માટે ગુરુપદનો આધ્યાત્મિક માર્ગ ખોલી દેવો.

### ( ૪ ) લોકભાષામાં ધર્મોપદેશ

( ૩ ) લોકભાષામાં તત્ત્વજ્ઞાન અને આચારવિચારનો ઉપદેશ કરી, કેવળ વિદ્વદ્ગમ્ય સંસ્કૃત ભાષાનો મોહ ઘટાડવો અને યોગ્ય અધિકારીને માટે જ્ઞાનપ્રાપ્તિમાં ભાષાનો અન્તરાય દૂર કરવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૫) અહિંસાધર્મ

(૪) ઐહિક અને પારલૌકિક સુખને માટે કરવામાં આવતા યજ્ઞયાગાદિ કર્મકાણ્ડોની અપેક્ષા સંયમ અને તપસ્યાના સ્વાવલંબી તથા પુરુષાર્થપ્રધાન માર્ગની મહત્તા સ્થાપિત કરવી અને અહિંસાધર્મમાં પ્રીતિ ઉત્પન્ન કરવી.

(૬) ભોગના સ્થાને યોગ

(૫) ત્યાગ અને તપસ્યાના નામે રૂઢ થએલા શિષ્ટાચારના સ્થાને સાચા ત્યાગ અને સાચી તપસ્યાની પ્રતિષ્ઠા કરી, ભોગની જગ્યાએ યોગના મહત્ત્વનું વાયુમણ્ડલ ચોમેર સર્જ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૫)

## ઉત્તરકાળ

### (૧) શિષ્યસમુદાય

શ્રમણ ભગવાન મહાવીરના શિષ્યોના ત્યાગી અને ગૃહસ્થ એમ બે વિભાગો હતા.

તેમના ત્યાગી ભિક્ષુકશિષ્યો ૧૪૦૦૦ અને ભિક્ષુકી શિષ્યાઓ ૩૬૦૦૦ હોવાનો શાસ્ત્રોલ્લેખ મળે છે.

આ સિવાય લાખોની સંખ્યામાં ગૃહસ્થશિષ્યો હોવાનો પણ ઉલ્લેખ મળે છે.

ત્યાગી અને ગૃહસ્થ એ બન્ને પ્રકારના શિષ્યવર્ગમાં ચારેય વર્ણોના સ્ત્રીપુરુષો સમ્મિલિત હતા.

ઇન્દ્રભૂતિ (ગૌતમ) વગેરે અગ્યાર ગણધરો બ્રાહ્મણો હતા.

ઉદાયી, મેઘકુમાર વગેરે અનેક ક્ષત્રિયશિષ્યો હતા.

શાલિભદ્ર, સુદર્શન વગેરે વૈશ્યશિષ્યો હતા. અને મેતારજ, હરિકેશી વગેરે અતિશુદ્રશિષ્યો પણ ભગવાનની પવિત્ર દીક્ષાનું પાલન કરી શિવમાર્ગે ચડયા હતા.

સાધ્વીઓમાં ચન્દનબાલા ક્ષત્રિયપુત્રી હતી અને દેવાનન્દા બ્રાહ્મણી હતી.

ગૃહસ્થ અનુયાયીઓમાં તેમના મામા વૈશાલીપતિ ચેટક, રાજગૃહપતિ શ્રણિક ( બિંબિસાર ) અને તેનો પુત્ર કોણિક ( અજાતશત્રુ ) વગેરે અનેક ક્ષત્રિયરાજાઓ હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આનન્દ, કામદેવ વગેરે પ્રધાન દશ ઉપાસકોમાં શકડાલપુત્ર નામનો ઉપાસક કુંભારજાતિનો હતો. અને બાકીના નવ ઉપાસકો વૈશ્ય અર્થાત વ્યાપાર, ખેતી અને પશુપાલન ઉપર નિર્વાહ કરનારા હતા.

ઢંક નામનો ઉપાસક કુંભાર હોવા છતાં પણ ભગવાનનો સમજદાર અને દૃઢ ઉપાસક હતો. સ્કંદક, અંબડ વગેરે અનેક પરિવ્રાજકોએ તેમજ સોમીલ વગેરે અનેક વિદ્વાન બ્રાહ્મણોએ શ્રમણ ભગવાન મહાવીરનું અનુસરણ કર્યું હતું.

ગૃહસ્થ ઉપાસિકાઓમાં રેવતી, સુલસા અને જયન્તિનાં નામો પ્રખ્યાત છે.

જયન્તિ મહાવીરની જેવી ભક્ત ઉપાસિકા હતી તેવી જ વિદૂષી પણ હતી. તે ભગવાનની સામે સ્વતંત્ર પ્રશ્નો કરતી અને ઉત્તર સાંભળતી. ભગવાન મહાવીરે તે વખતે સ્ત્રીઓની યોગ્યતા કેવી આંકી હતી તેનું આ એક સરસ ઉદાહરણ છે.

**( ૨ ) સમકાલીન ધર્માચાર્યો**

શ્રમણ ભગવાન મહાવીરના સમકાલીન ધર્મપ્રવર્તકોમાં આજકાલ કેટલાંક થોડાંક જ ધર્મપ્રવર્તકોનાં નામો મળે છેઃ—

(૧) તથાગત ગૌતમ બુદ્ધ
(૨) પૂર્ણકાશ્યપ
(૩) મસ્કરી ગોશાલક
(૪) અજિત કેશકંબલી
(૫) પકુદ કાત્યાયન
(૬) સંજય બેલાસ્થિપુત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમકાલીન ધર્મપ્રવર્તકોમાં ઉપર લખેલા ધર્મપ્રવર્તકો મુખ્ય છે.

### (૩) પાર્શ્વતીર્થમાં પરિવર્તન

શ્રમણ ભગવાન મહાવીરની પહેલાં જૈન સમ્પ્રદાય ચાલ્યો આવતો હતો, જે સમ્પ્રદાય નિગ્ગંઠ–નિર્ગ્રન્થના નામથી વિશેષ પ્રસિદ્ધ હતો.

તે વખતે પ્રધાન નિગ્ગંઠો–નિર્ગ્રન્થો કેશીકુમાર વગેરે હતા અને તેઓ બધા પોતાને ભગવાન પાર્શ્વનાથની પરમ્પરાના અનુયાયીઓ માનતા હતા. તે લોકો કપડાં પહેરતાં હતાં અને તે પણ વિવિધ રંગનાં. આ પ્રમાણે તેઓ ચાતુર્યામ ધર્મ અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર મહાવ્રતોનું પાલન કરતા હતા.

શ્રમણ ભગવાન મહાવીરે આ પરમ્પરાની વિરુદ્ધ પોતાના વ્યવહારથી બે વાતો નવી પ્રચલિત કરી કે:–

( ૧ ) અચેલધર્મ ( નગ્નત્વ ) અને

( ૨ ) બ્રહ્મચર્ય ( સ્ત્રીવિરમણ ).

પહેલાની પરમ્પરામાં વસ્ત્ર અને સ્ત્રીના સંબંધમાં જરૂર શિથિલતા આવી ગઇ હશે અને તેથી એ શિથિલતા દૂર કરવા માટે અચેલધર્મ અને સ્ત્રીવિરમણને નિર્ગ્રન્થત્વમાં ભગવાન મહાવીરે સ્થાન આપ્યું અને અપરિગ્રહવ્રતથી સ્ત્રીવિરમણવ્રતને જુદું કરી ચારને બદલે પાંચ મહાવ્રતોનું પાલન કરવાનો નિયમ બનાવ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૪ ) સમ્મેલન

ભગવાન પાર્શ્વનાથની પરમ્પરાના સુયોગ્ય નેતાઓએ આ સંશોધનને સ્વીકાર્યું અને પ્રાચીન તથા નવીન બન્ને ભિક્ષુઓનું સમ્મેલન થયું.

( ૫ ) સમ્પ્રદાયો

કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે સમ્મેલનમાં વસ્ત્ર રાખવા કે ન રાખવાનો જે મતભેદ શાન્ત થયો હતો તે જ મતભેદ આગળ જતાં ફરીવાર પક્ષપાતનું રૂપ ધારણ કરી શ્વેતામ્બર અને દિગમ્બર સમ્પ્રદાયના રૂપમાં ભભૂકી ઊઠયો. જો કે સૂક્ષ્મદૃષ્ટિએ વિચાર કરનાર વિદ્વાનોને શ્વેતામ્બર અને દિગમ્બરમાં કોઈ મહત્વપૂર્ણ ભેદ જણાતો નથી. પરંતુ આજકાલ તો સમ્પ્રદાયની અસ્મિતાએ શ્વેતામ્બર તેમજ દિગમ્બર એ બન્ને શાખાઓ વચ્ચે નાશકારિણી દિવાલ ઊભી કરી દીધી છે. એટલું જ નહિ પણ સામાન્ય સામ્પ્રદાયિક અભિનિવેશને કારણે બીજા પણ અનેક નાના મોટા સમ્પ્રદાયો ભગવાન મહાવીરના અનેકાન્તવાદ ( સ્યાદ્‌વાદ )ની નીચે ઊભા થઈ ગયા છે.

( ૬ ) જીવનરહસ્ય

શ્રમણ ભગવાન મહાવીરના સમગ્ર જીવનનો અને ઉપદેશનો સંક્ષિપ્ત સાર નીચેની બે વાતોમાં આવી જાય છે. તે એ કે:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૧ ) આચારમાં સંપૂર્ણ અહિંસા અને
( ૨ ) તત્ત્વજ્ઞાનમાં અનેકાન્તવાદ.

ભગવાન મહાવીરના સમ્પ્રદાયના આચારને અને શાસ્ત્રના વિચારને આ બે જ તત્ત્વોનું ભાષ્ય સમજો. વર્તમાનકાલના પ્રસિદ્ધ વિદ્વાનોનો આ જ નિષ્પક્ષ મત છે.

( ૭ ) વિપક્ષીઓ

શ્રમણ ભગવાન મહાવીરના શિષ્યોમાં તેમનાથી જુદા પડી તેમની વિરુદ્ધ વિરોધી પન્થ પ્રચલિત કરનાર તેમનો જમાઈ ક્ષત્રિયપુત્ર જમાલિ હતો. અત્યારે તો તેની સ્મૃતિ માત્ર જૈન ગ્રન્થોમાં છે.

બીજા પ્રતિપક્ષી તેમનો પૂર્વ સહચર ગોશાલક હતો. તેનો આજીવકપન્થ રૂપાન્તર પામી અત્યારે પણ હિન્દુસ્થાનમાં હયાત છે.

( ૮ ) વિહાર

શ્રમણ ભગવાન મહાવીરના જીવનનો મુખ્ય ભાગ વિદેહ અને મગધમાં વ્યતીત થયો છે. એવું જણાય છે કે તેમણે અધિકમાં અધિક યમુના નદીના કિનારા સુધી વિહાર કર્યો હતો.

વૈશાલી, શ્રાવસ્તી, કૌશામ્બી, તુંગિયા, તામલિપ્તિ, ચમ્પા, રાજગૃહ વગેરે શહેરોમાં મહાવીરે વારંવાર વિહાર કર્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૯ ) ઉપદેશપ્રભાવ

શ્રમણ ભગવાન મહાવીરના તપસ્યામય અને શાન્તિ-પૂર્ણ દીર્ઘજીવનથી અને તેમના સદુપદેશથી તે વખતે મગધ, વિદેહ, કાશી, કોશલ અને બીજાં કેટલાંક પ્રદેશોના ધાર્મિક અને સામાજિક જીવનમાં ખૂબ ક્રાન્તિ થઈ ગઈ હતી. આ વાતનું પ્રમાણ કેવળ શાસ્ત્રોના પાનાઓમાં જ નહિ પણ હિન્દુસ્થાનના માનસિક જગતમાં અત્યારસુધી જાગ્રત રહેલી અહિંસા અને તપ પ્રત્યે સ્વાભાવિક અનુરાગ છે.

( ૧૦ ) નિર્વાણ

આજથી ૨૪૫૯ વર્ષ પહેલાં રાજગૃહની પાસે પાવાપુરી નામના પવિત્ર સ્થાનમાં આશ્વિન મહિનાની અમાસની તિથિએ આ દીર્ઘતપસ્વી મહાવીરનું ઐહિક જીવન સમાપ્ત થયું.

( ૧૧ ) વીરસંઘના ઉત્તરાધિકારી

ભગવાન મહાવીરના સ્થાપિત સંઘને ભાર તેમના પ્રધાન શિષ્ય સુધર્મા સ્વામી ઉપર આવી પડયો.

સમાપ્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પરિશિષ્ટ

## શિક્ષાપદો

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે.

જ્યાંસુધી ઘડપણ આવે નહિ, વ્યાધિઓ વધવા પામે નહિ અને ઈન્દ્રિયો શિથિલ થાય નહિ ત્યાં સુધીમાં ધર્મને આચરી લો.

સર્વભૂત પ્રત્યે સંયમભાવ રાખવો એ અહિંસા છે.

બધા જીવો જીવવા ઇચ્છે છે. મરવા નહિ. એમ જાણીને પ્રાણીવધ ન કરવો.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ જિનદેશિત ધર્મ પોતાનું કલ્યાણ ઈચ્છનારા મનુષ્યે આચરવો.

જીવિત કોઇપણ ઉપાયે જરા, વ્યાધિ અને મૃત્યુથી રહિત થઈ શકતું નથી માટે કલ્યાણને ઇચ્છનારા મનુષ્યે જરાપણ પ્રમાદ ન કરવો. ઘડપણથી ઘેરાએલાનું રક્ષણ નથી એમ અવશ્ય જાણવું. પ્રમત્ત, અસંયમશીલ અને હિંસક લોકો કેવી રીતે રક્ષણ મેળવી શકે?

જે માણસો દુર્બુદ્ધિથી પાપકર્મ કરીને ધન પેદા કરે છે તેઓ વૈરયુક્ત થઇને નરકને માર્ગે જાય છે.

ચોર જેમ પોતે જ કરેલા સંધિમૂળમાં પકડાઇ જાય છે તેમ પાપકારી મનુષ્ય પણ પોતે કરેલાં કર્મોમાં જ બંધાય છે. આ લોક અને પવલોકમાં સમસ્ત પ્રજા પાપ કરીને પીડાય છે. કારણ કે કરેલાં કર્મોને ભોગવ્યા સિવાય છૂટકો નથી.

પોતાને માટે કે બીજાને માટે જે માણસ પાપકર્મો કરે છે તેનાં ફળ તેને એકલાને જ ભોગવવાં પડે છે. તે વખતે બંધુઓ બંધુતા દાખવી શકતા નથી.

મોહવશ થએલો પ્રાણી જોયેલી ખરી વસ્તુને પણ અવગણી ધનાદિમાં આસક્ત થાય છે, પદંતુ તે પ્રમત્ત પ્રાણી પાપકર્મનાં ફળોમાંથી ધનાદિ વડે બચી શકતો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સૂતેલાઓની વચ્ચે પણ જાગતા રહેવું. આશુપ્રજ્ઞ પંડિતે સૂતેલાઓનો વિશ્વાસ ન કરવો. કાળ નિર્દય છે અને શરીર અબળ છે. માટે અપ્રમત્ત રહીને સદાચરણ કરવું.

સારીરીતે કેળવેલો તેમજ બખ્તરવાળો ઘોડો જેમ રણક્ષેત્રમાં પાછો હઠતો નથી તેમ સ્વચ્છંદ રોકનારો મનુષ્ય જ નિર્વાણ-માર્ગથી પાછો હઠતો નથી.

'પહેલાં નહિ સધાયું તો પછી સધાશે' એવી શાશ્વતવાદી કલ્પના કરે છે. પણ જ્યારે આયુષ્ય શિથિલ થઇ જાય છે, શરીર તૂટવા માંડે છે અને મોત નજીક આવે છે ત્યારે તે ખિન્ન થાય છે.

કોઇ સહેજમાં જ વિવેકને પામી શકતું નથી. માટે જાગ્રત થાઓ! કામનાઓ છોડી દો! તથા સંસારનું સ્વરૂપ સમજી સમભાવ કેળવી અસંયમથી આત્માનું રક્ષણ કરતા અપ્રમત્ત-પણે વીચરો.

મોહ જીતવા પ્રયત્ન કરનારને વચ્ચે વચ્ચે ઘણા પાશો આવે છે. માટે તેમાં ન ફસાતા સાવધાનતાથી અદ્વેષભાવે પ્રવૃત્તિ કરવી.

લલચાવનારા તે પાશો તરફ મનને જતું રોકવું, ક્રોધને અંકુશમાં રાખવો, માન દૂર કરવું, માયાનું સેવન ન કરવું અને લોભનો ત્યાગ કરવો.

કારણ કે ક્રોધ પ્રીતિનાશક છે, માન વિનયનાશક છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ તો સર્વ વિનાશક છે.

ક્ષમાથી ક્રોધને જીતવો, નમ્રતાની માનને જીતવો, સરળતાથી માયાને જીતવી અને સંતોષથી લોભને જીતવો.

જે પ્રમાણે ઝાકળનાં બિન્દુઓ દાભની અણી ઉપર લટકતાં રહે છે તે જ પ્રમાણે મનુષ્યોનું જીવિત અસ્થિર છે માટે ધર્મારાધનાં સમયનો પ્રમાદ ન કરવો.

કારણ કે પ્રાણીઓને મનુષ્યપણું, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા, અને સંયમમાં પરાક્રમ આ ચાર વસ્તુઓ વારંવાર મળવી બહુ જ દુર્લભ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે વૃદ્ધજનોની સેવા કરવી, મૂઢપુરુષના સંગથી દૂર રહેવું, પ્રતિદિન સ્વાધ્યાયનું સેવન કરવું અને ધીરજપૂર્વક સૂત્રાર્થનું ચિંતવન કરવું, કારણ કે આ પણ મોક્ષપ્રાપ્તિના માર્ગો છે.

ઉપયોગપૂર્વક ચાલવું, ઉપયોગપૂર્વક બેસવું, ઉપયોગપૂર્વક સૂવું, ઉપયોગપૂર્વક ખાવું, ઉપયોગપૂર્વક બોલવું, આ પ્રમાણે દરેક ક્રિયામાં ઉપયોગ રાખવાથી પાપકર્મો બંધાતા નથી.

જે સર્વભૂતો પ્રત્યે સમાભાવ રાખે છે, જે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે કર્મોના આશ્રવોને રોકે છે અને જે સંયમાદિથી આત્માનું દમન કરે છે તે સાધુપુરુષ પાપકર્મોથી લેપાતો નથી.

કારણ કે તે સાધુપુરુષ 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' એ વિચારને ધ્યાનમાં રાખીને દરેક પ્રવૃત્તિ કરે છે. કારણ કે તે જાણે છે કે જે અજ્ઞાની હોય તે કલ્યાણકારી કામ શું અને પાપકારી કામ શું એ જ્ઞાન વિના શી રીતે જાણી શકે?

જે મનુષ્ય, વસ્ત્ર, અલંકાર આદિ પોતે મેળવેલી પ્રિય ભોગવસ્તુઓને પીઠ પાછળ ફરી સ્વેચ્છાએ તજી દે છે તે જ ખરેખરો 'ત્યાગીપુરુષ' છે. બાકી મનુષ્ય, પોતાની પાસે એ ભોગવસ્તુઓ ન હોવાને કારણે 'હું ત્યાગી છું' એટલે તે ભોગ-વસ્તુઓનો ઉપયોગ કરતો નથી એમ કહેવાતો ત્યાગીપુરુષ હોવાનો ડોળ કરે છે તે ખરેખરો ત્યાગીપુરુષ કહેવાતો નથી.

જે કોઇ પ્રવ્રજિત સાધુ નિદ્રાશીલ થઇ ખૂબ ખાઇપીને સુખે સૂઇ રહે છે તે પાપશ્રમણ કહેવાય છે.

કારણ કે મુંડનમાત્રથી કોઇ શ્રમણ થતો નથી, ૐ ૐ કારના માત્ર જાપ કરવાથી કોઇ બ્રાહ્મણ થતો નથી, અરણ્યવાસથી કોઇ મુનિ થતો નથી અને કેવળ વલ્કલ ધારણ કરવાથી કોઇ તાપસ થતો નથી.

સમભાવ રાખનારો શ્રમણ છે. બ્રહ્મચર્ય પાળનારો બ્રાહ્મણ છે, મૌન સેવનારો મુનિ છે અને તપસ્યા કરનારો તાપસ છે.

કર્મથી બ્રાહ્મણ થાય છે, કર્મથી ક્ષત્રિય થાય છે, કર્મથી વૈશ્ય થાય છે અને કર્મથી શૂદ્ર થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com